ક્રમાંક:પ્રાશિન/છ-૨/સકલન/૨૦૨૧/૨૮૯૮-૨૯૮૫
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧ ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૦૮/૦૪/૨૦૨૧

પ્રતિ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- COVID-19 મહામારી પરિસ્થિતીમાં સરકારી કચેરીઓમાં મુલાકાતીઓના પ્રવેશ બાબત.

સંદર્ભઃ- ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના હુકમ ક્રમાંકઃ વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૦૬/૦૪/૨૦૨૧

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે, નોવેલ કોરોના વાયરસ (COVID-19) ને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ બાબતે કેન્દ્ર સરકારશ્રી તથા રાજ્ય સરકારશ્રી દ્વારા સમયાંતરે સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે.

રાજ્યમાં COVID-19 ની અસર કેટલાક શહેરોમાં વધારે વર્તાઇ રહી છે. આ બાબતની ગંભીરતા ધ્યાને લેતા નામ. હાઇકોર્ટ દ્વારા તા.૦૬/૦૪/૨૦૨૧ના રોજ ખાસ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કોરોના સંક્રમણને ધ્યાને લેતા રાજ્ય સરકારશ્રી દ્વારા અસરકારક પગલાં લેવા નામ. હાઇકોર્ટ દ્વારા સુચન કરવામાં આવેલ છે. જેના અનુસંધાને કોરોના સંક્રમણની હાલની પરિસ્થિતી ધ્યાને લઇ રાજ્ય સરકારશ્રીના સુચનો મુજબ તા.30/૦૪/૨૦૨૧ સુધી આ કચેરીના સબંધિત કામકાજ અર્થે મુલાકાતીઓએ ખુબ જ અગત્યની કામગીરી અંગે આ કચેરીના ટેલિફોન નં. ૦૭૯-૨૩૨-૫૩૯૮૦ ઉપર સંપર્ક કરવા જણાવવામાં આવે છે. પુર્વમંજુરી સિવાય આ કચેરીની મુલાકાત ન લેવા વિનંતી કરવામાં આવે છે. આ અંગે આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને જરૂરી સુચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

(ડૉ. એમ.આઇ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાના જાણ સારૂ,**
- નાયબ સચિવશ્રી, (પ્રા.શિ.) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Scanned by CamScanner

## ગુજરાત સરકાર

**ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨**
**ગૃહ વિભાગ, સચિવાલય,**
**ગાંધીનગર**
**તા.૦૬/૦૪/૨૦૨૧**

**હુકમ :-**

નોવેલ કોરોના વાયરસ ( COVID-19)ને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સંબધમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે.

૨. રાજ્યમાં COVID-19 ની અસર કેટલાક શહેરોમાં વધારે વર્તાઇ રહી છે.આ બાબતની ગંભીરતા ધ્યાને લેતા નામ. હાઇકોર્ટ દ્વારા તા.૦૬/૦૪/૨૦૨૧ના રોજ ખાસ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કોરોના સંક્રમણને ધ્યાને લેતા રાજ્ય સરકાર દ્વારા અસરકારક પગલાં લેવા નામ. હાઇકોર્ટ દ્વારા સુચન કરવામાં આવેલ છે.

૩, જેના અનુસંધાને કોરોના સંક્રમણની હાલની પરિસ્થિતી ધ્યાને લેતા રાજ્ય સરકારે નીચે મુજબ નિર્ણય કરેલ છે.

- હાલ રાજ્યના ચાર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા. ૧૫/૦૪/૨૦૨૧ સુધી રાત્રિના ૦૯.૦૦ થી સવારના ૦૬.૦૦ કલાક સુધી રાત્રી કર્ફ્યુ અમલમાં છે. તેને બદલે રાજ્યના નીચે જણાવેલ શહેરોમાં કોરોનાના સંક્રમણને અટકાવવા ૦૭/૦૪/૨૦૨૧થી તા.30/૦૪/૨૦૨૧ સુધી દરરોજ રાત્રીના ૦૮.૦૦ કલાકથી સવારના ૦૬.૦૦ કલાક સુધી રાત્રી કર્ફ્યુ અમલમાં રહેશે.

| અનુ.નંબર | શહેરનું નામ |
|---|---|
| ૧ | અમદાવાદ શહેર |
| ૨ | વડોદરા શહેર |
| ૩ | સુરત શહેર |
| ૪ | રાજકોટ શહેર |
| ૫ | ભાવનગર શહેર |
| ૬ | જામનગર શહેર |
| ૭ | જુનાગઢ શહેર |
| ૮ | ગાંધીનગર શહેર |
| ૯ | આણંદ શહેર |
| ૧૦ | નડિયાદ શહેર |

| અનુ.નંબર | શહેરનું નામ |
|---|---|
| ૧૧ | ગાંધીધામ શહેર |
| ૧૨ | ભુજ શહેર |
| ૧૩ | મોરબી શહેર |
| ૧૪ | પાટણ શહેર |
| ૧૫ | ગોધરા શહેર |
| ૧૬ | દાહોદ શહેર |
| ૧૭ | ભરૂચ શહેર |
| ૧૮ | સુરેન્દ્રનગર શહેર |
| ૧૯ | અમરેલી શહેર |
| ૨૦ | મહેસાણા શહેર |

- તા. ૧૦/૦૪/૨૦૨૧ થી લગ્ન / સત્કાર સમારંભમાં બંધ કે ખુલ્લી જગ્યામાં ૧૦૦ થી વધુ વ્યક્તિઓ એકઠા કરી શકશે નહિ. આ દરમિયાન કોવિડ સબંધિત અન્ય માર્ગદર્શક સુચનાઓ યથાવત રહેશે.
- કર્ફ્યુના સમયના કલાકો દરમિયાન ઉપરોક્ત (૨૦) શહેરોમાં લગ્ન, સત્કાર સમારંભ કે અન્ય કાર્યક્રમો યોજી શકાશે નહિ.
- તા.૦૭/૦૪/૨૦૨૧ થી ૩૦/૦૪/૨૦૨૧ સુધી રાજકીય, સામાજીક અને અન્ય મેળાવડા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.
- કોઇપણ Gathering માં ૫૦ થી વધુ વ્યક્તિઓ એકત્ર થઇ શકશે નહિ. આ Gathering દરમિયાન કોવિડ સબંધિત અન્ય માર્ગદર્શક સુચનાઓ યથાવત રહેશે.
- મોરવા હડફ વિધાનસભા પેટા ચૂંટણી અને ગાંધીનગર મહાનગરપાલિકા મતવિસ્તારમાં ચુંટણીઓ દરમિયાન ચુટણીપંચની માર્ગદર્શક સુચનાઓનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.
- રાજ્યની ખેત ઉત્પાદન બજાર સમિતીઓએ (એ.પી.એમ.સી) પણ કોવિડ-૧૯ અંગેની માર્ગદર્શક સુચનાઓનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.
- તા.૩૦/૦૪/૨૦૨૧ સુધી તમામ સરકારી કચેરીઓ તમામ શનિ - રવિમાં બંધ રહેશે. સરકારી કચેરીઓમાં ખુબ જ અગત્યની કામગીરી હોય તો જ મુલાકાતીઓને પ્રવેશ આપવાનો રહેશે.

૪. આ હુકમનું અસરકારક અમલીકરણ સર્વે પોલીસ કમિશ્નર, જિલ્લા મેજીસ્ટ્રેટ તથા જિલ્લા પોલીસ વડા દ્વારા કરવાનું રહેશે

આ જાહેરનામાના ભંગ બદલ The EPIDEMIC DISEASES Act 1897અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020ની

જોગવાઇઓ, ઈન્ડીયન પીનલ કોડની કલમ ૧૮૮ તથા The Disaster Managament Actની જોગવાઇઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નિખિલ ભટ્ટ)
અધિક સચિવ (કા.વ્ય.)
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- તમામ રેન્જના વડાશ્રીઓ
- તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ
- માહિતી નિયામકશ્રી – ગુજરાત રાજ્ય, બ્લોક નં.૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
  ૨/– આ બાબતને બહોળી પ્રસિધ્ધિ મળે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, આઇ.ટી.સેલ,ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- આ હુકમને ગૃહ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરાવવા અંગે જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ – ૨૦૨૧.

જાવક/પ્રાથમિક/૨૦૨૧/5657
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
A-૩, જિલ્લા સેવાસદન-૨
સુરત. તા. ૦૮/૦૪/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી/સંચાલકશ્રી,
સુરત શહેર વિસ્તારની તમામ અનુદાનિત/બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ તમામ,

૨/- ઉક્ત બાબતે જાણ લઈ અમલવારી કરવા જણાવું.

District Education Officer
Surat, Dist-Surat.